# રે.દિ.મુ.નં.૧૧૨/૦૬ ના કામમાં આંક–૪૬ ની અરજી હેઠળ હુકમ.

..........................................

**(૧)** આ કામના વાદીએ હાલની અરજી આપી દાવાના કારણમાં પેરા નં.૩–અ ઉમેરવાની માંગણી કરતાં હાલની અરજી તા.૧૮/૧/૧૪ નાં રોજ દાખલ થયેલ છે. વાદીએ આ અરજી કરી નીચે મુજબનો પેરા દાવાનાં કારણમાં ઉમેરવાની માંગણી કરેલી છે.

**(૨)** ' ૩(અ)' ના કામનાં પ્રતિવાદી નં.૨, હયુમન વેલફેર ટ્રસ્ટના બંધારણમાં કરવામાં આવેલ સુધારાઓ, મુળ ટ્રસ્ટના ઉદેશથી તદન વિરોધાભાસી અને બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટની કલમ–૫૦ અને ૫૦ (અ) ના પ્રબંધો મુજબના ના હોઈ પ્રથમથી જ ગેર કાયદેસર અને પ્રથમથી જ બદ બાતલ છે. અને પ્રતિવાદી નં.૨/૧ થી ૨/૭ ના ટ્રસ્ટીઓની નિમણુંક પણ ગેર કાયદેસર અને પ્રથમથી જ રદ બાતલ છે. અને પ્રતિવાદી નં.૨/૧ થી ૨/૭ ના ટ્રસ્ટીઓએ ગુજરાત સરકાર સમક્ષ ટ્રસ્ટની સાચી હકીકતો છુપાવી ગેરકાયદેસર અને પ્રથમથી જ રદબાતલ સુધારા આધારે ટ્રસ્ટીઓ વતી છેતરપીડી કરી દાવાવાળી જમીનનો હુકમ કરાવેલ હોઈ, દાવાવાળી જમીન ગ્રાન્ટ કરવાનો હુકમ પ્રથમ થી જ  રદબાતલ અને બીન અમલી છે. તેથી તે માટે જરૂરી ડેકલેરેશન મેળવવા આ દાવો લાવવાની ફરજ પડેલ છે.

**(૩)** આ અરજીનો પ્રતિવાદીએ આંક.૪૮ થી તેમજ આંક.૫ થી જવાબ રજુ રાખેલ છે તેમાં અરજી રદ કરવા વિનંતી કરેલી છે.

**(૪)** વાદી તરફે આંક.૪૬ ની અરજી સબંધે આંક.૫૩ થી રજૂ થયેલ લેખીત દલીલો વંચાણે લીધી, પ્રતિવાદી તરફે આંક.૫૧ થી રજૂ થયેલ લેખીત દલીલો વંચાણે લીધી.

**(૫)** આ કામના વાદીએ તા.૨૧/૭/૦૬ ના રોજ દાવો દાખલ કરી કલેકટર ધ્વારા પ્રતિવાદીને રૂા.એક નાં ટોકન ભાડાથી તેમજ ૧૦૦૦ ચો.મી. જમીનની માફી તા.૦૬/૪/૦૨ ના રોજ જે હુકમ કરેલ છે તે મુજબ ગેર કાયદેસર અને રદ બાતલ ઠરાવવા તથા સ.નં.૧૧૬૧, ૧૧ ૬૨, ૧૧૪૧/૨, ૧૧૪૨ તથા ૧૧૫૬/૨/૩ માં જવા આવવા માટે વાદીને સુખાધિકાર પ્રાપ્ત થયેલ છે અને વાદીને વિરોધ થાય તે રીતે કોઈ પણ બાંધકામ કરે ફેન્શીગ કરવાનો પ્રતિવાદીને કોઈ હકક કે અધિકાર નથી તેવા મનાઈ હુકમની માંગણી કરેલી છે.

**(૬)** આ દાવામાં તા.૨૦/૯/૦૭ ના હુકમથી વાદીના વચગાળાના મનાઈ હુકમની અરજી મંજૂર કરવાનો હુકમ કરવામાં આવેલ જે હુકમ અમલમાં છે.

**(૭)** ત્યાર બાદ આંક.૩૭ થી તા.૦૭/૫/૧૩ ના રોજ મુદ્દા કાઢવામાં આવેલ અને કામ વાદીનાં પુરાવા ઉપર રાખવામાં આવેલ. ત્યાર બાદ આંક.૪૧ થી વાદીએ વધારાનાં મુદ્દા

ઉપસ્થિત કરવા અરજી કરેલ અને અરજી સાંભળીને મુદ્દા નં.૬–અ નો ઉમેરો તા.૨૩/૯/૧૩ ના રોજ કરવામાં આવેલ.

**(૮)** હાલની અરજી અને દાવાનાં કારણમાં ઉમેરો કરવાની અરજી કરવામાં આવેલ છે. " સી.પી.સી.ઓ.૬, રૂલ–૧૭ ની જોગવાઈ વંચાણે લેતાં કાર્યવાહીનાં કોઈ પણ તબકકે કોઈ પણ પક્ષકારને તેનાં પ્લીડીગમાં ફેરફાર કરવાની અથવા તેમાં સુધારો કરવાની પરવાનગી ન્યાયી હોય તે રીતે અને શરતોએ આપશે અને બધા જ પ્લીડીગ પક્ષકારો વચ્ચેના આખરી તકરારી પ્રશ્નોનાં નિકાલનાં હેતુ માટે જરૂરી હોય તે રીતે સુધારવા દેવામાં આવશે એવી જોગવાઈ કરવામાં આવેલી છે. આમ, આ જોગવાઈ મુજબ કાર્યવાહીનાં કોઈ પણ તબકકે આવો સુધારો કરવાની પરવાનગી અદાલતને યોગ્ય લાગે તો આપી શકશે તેવી જોગવાઈ કરવામાં આવેલી. પરંતુ ત્યાર બાદ તા.૧/૭/૦૨થી અમલમાં આવે તે રીતે ઉપરોકત જોગવાઈમાં પરંતુક ઉમેરવામાં આવેલ છે અને તે મુજબ " પરંતુ એવી જોગવાઈ કરી છેકે, કેસની ટ્રાયલ શરૂ થાય તે પછી સુધારા માટેની કોઈ પણ અરજી કરવા માટેની મંજૂરી અપાશે નહી, સિવાય કે અદાલત એવા નિસ્કર્ષ પર આવે કે ખત અને તકેદારી છતાં ટ્રાયલની શરૂઆત થાય તે પહેલા પક્ષકાર આ બાબત ઉપસ્થિત કરી શકયો ન હતો"

**(૯)** આમ, તા.૦૧/૦૭/૦૨ થી જે પરંતુક ઉમેરવામાં આવેલ છે તેમાં ટ્રાયલ શરૂ થયા બાદ આવા સુધારા કરવાની પરવાનગી આપવી પ્રતિબંધિત કરી દીધેલી છે. હવે આ જોગવાઈ મુજબ ખત અને તકેદારી વાદીએ રાખેલ છે કે કેમ ? તે સબંધે જોવામાં આવે તો આ કામમાં તા.૨૧/૭/૦૬ ના રોજ દાવો દાખલ કરવામાં આવેલ છે તેમજ તા.૦૭/૫/૧૩ ના રોજ મુદ્દા કાઢ વામાં આવેલા છે. આ મુદ્દા કાઢયા બાદ વાદી ધ્વારા મુદ્દા ઉમેરવા માટે થઈને આંક.૪૧ થી અરજી કરવામાં આવેલ અને તે મુજબ વાદીએ વિસ્તૃત રીતે તકરાર ઉપસ્થિત કરી મુદ્દા ઉમેરવાની માંગણી કરેલી અને તે અરજી મંજૂર કરવામાં આવેલ અને તે રીતે આંક.૩૭ માં મુદ્દા. નં.૬–એ ઉમેરવામાં આવેલ. આ હકીકત ધ્યાને લેતાં હાલની અરજી કરવા માટે વાદી પાસે પૂરતો અને વ્યાજબી સમય આટલા વર્ષો દરમ્યાન હતો. વળી, હાલની અરજી જોવામાં આવે તો દાવાનુ કારણ શા માટે દાવો દાખલ કર્યો ત્યારે જણાવી શકેલ નથી તેવુ દર્શાવેલ નથી. અથવા તો શા માટે આંક.૪૧ ની અરજી કરતાં સમયે પણ તેઓ જણાવી શકેલ નથી તેવી કોઈ હકીકત વાદી ધ્વારા અરજીમાં કે દલીલમાં જણાવવામાં આવેલ નથી. સમગ્ર અરજી વાંચતા ઓર્ડર–૬,રૂલ–૧૭ માં જે પરંતુક ઉમેરવામાં આવેલ છે તેમાં ખત અને તકેદારીનો અભાવ સ્પષ્ટ રીતે વર્તાય છે. આગળ ઉપર ચર્ચા કર્યા મુજબ આંક.૩૭ થી મુદ્દા કાઢયા બાદ મુદ્દા ઉમેરવાની અરજી કરેલ ત્યાર બાદ હાલની અરજી કરેલ. આમ, યેનકેન પ્રકારે કાયદાની પ્રક્રિયાનો દુર ઉપયોગ કરીને કામ લંબાવવાનો વાદીનો ઇરાદો સ્પષ્ટ જણાય છે.સીવીલ પ્રોસીઝર કોડમાં તા.૦૧/૭/૦૨થી અમલમાં આવેલ જોગવાઈનો ઉદેશ જોવામાં આવે તો પક્ષકારોને શકય તેટલો ઝડપી ન્યાય અપાવવા

માટે થઈને જ અદાલતની સત્તામાં કાપ મુકતા પરંતુક ઉમેરવામાં આવેલ છે. જો વાદીની આ અરજી મંજૂર કરવામાં આવે તો સી.પી.સી.માં સુધારા પાછળનો ઉદેશ નિરર્થક બની જાય છે. આ ઉપરાંત સુચિત સુધારો એ દાવાનાં કારણમાં સુધારો છે જો આ સુધારાની પરવાનગી આપવામાં આવે તો દાવાનું સ્વરૂપ બદલાય જાય અને પ્રતીવાદીનાં બચાવને તદન વિપરીત અસર થાય તેમ હું માનું છુ. જેથી ન્યાયનાં વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## —: હુ ક મ :—

**૧.** વાદીની આંક.૪૬ ની અરજી ના મંજૂર કરવામાં આવે છે.

**પાલનપુર.**
**તા.૩૧/૦૩/૨૦૧૪**

**(હિમાંશુ નવિનચંદ્ર ત્રિવેદી)**
ત્રીજા એડી.સીની.સીવીલ જજ,
(જીજે–૦૦૫૬૪)
પાલનપુર